**ક્રિ.કેસ નં. 2502136/08**

**એ.પી.પી.શ્રીની વિડ્રો અરજી લગત હુકમઃ-**

---

તા. ૧૩.૦૭.૨૦૧૯ ની એ.પી.પી.શ્રીની અરજી વંચાણે લીધી તથા મે.અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદનો તા. ૦૪.૦૭.૨૦૧૯ ના પત્ર ક્રમાંક નં. ડીસી/સીટીઝેડ/મેટ્રો.કોર્ટ/ લોક અદાલત/ડોરમેન્ટ કેસ પરત/૨૦૧૯ થી આવેલ પત્રને વંચાણે લીધો. સદર પત્રથી જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદનાએ આ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલી છે. આ કેસ ડોરમેન્ટ કેસ છે અને ઘણા લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શક્યતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીંગ રહેલ છે. વધુમાં આ કેસ નજીવી સજાને પાત્ર ગુનાનો કેસ છે અને આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય, શક્તિ અને નાણાંના વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમાં પુરતુ ધ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજીપૂર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમાં પેન્ડીંગ ફોજદારી કેસોનું ભારણ ઓછું થાય તે માટે જાહેર હિતમાં તથા ન્યાયના હિતમાં વિ.એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમાં જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરૂ છું.

**હુ ક મ**

(૧) આથી ક્રિ.પ્રો.કોડની કલમ-૩૨૧ અન્વયે વિ.એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

- બિન કિંમતી મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય બાદ નાશ કરવો.
- પોલીસે કબજે કરેલ કિંમતી મુદ્દામાલ અંગે જો અગાઉ વચગાળાનો કોઈ હુકમ થયો હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો તેવો કોઈ વચગાળાનો હુકમ થયો ન હોય તો મુદ્દામાલ સંદર્ભે ઈન્કવાયરી કરી કિંમતી મુદ્દામાલનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(ભાસ્કરકુમાર રામેશ્વરપ્રસાદ દવે)**

અમદાવાદ.<br>
તા. ૧૩.૦૭.૨૦૧૯

એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ<br>
મેટ્રોપોલીટન મેજી.કોર્ટ નં.૨૫<br>
અમદાવાદ.<br>
(Judge Code No.GJ01073)